# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા - ૨૦૨૫ પરિણામ જાહેરનામું

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CGMS/2025/૬૦૦૩-૬૧૨૪

તા:૦૧/૦૫/૨૦૨૫

શિક્ષણ વિભાગના તા:૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH અન્વયે"મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ધોરણ- ૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા નિયમો, ૨૦૧૨ અન્વયે નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે સરકારી/ગ્રાન્ટેડ અથવા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજયના ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તથા આદિજાતિ વિકાસ વિભાગ તા.૨૧/૩/૨૦૨૫ પત્રથી મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાના મેરીટના આધારે આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ માટે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ૭૪ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ આપવામાં આવનાર છે. તેમજ સમગ્ર શિક્ષાની તા.૧૧/૦૪/૨૦૨૫ ની ગવર્નીંગ કાઉન્સીલમાં લેવાયેલ નિર્ણય પ્રમાણે સંભવત: જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ શાળાઓમાં સંભવત: ધો-૯માં પ્રવેશ આ મેરીટના આધારે આપવામાં આવશે. રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા-૨૪/૦૨/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૫-૨૬/૨૧૨૭-૨૨૨૩ તેમજ તા.૨૬/૦૩/૨૦૨૫ના સુધારા જાહેરનામા ક્રમાંક:રાપબો/ જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૫-૨૬/૪૧૨૫-૪૨૨૨ થી "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા–**CGMS**-૨૦૨૫, તા.૧૨/૦૪/૨૦૨૫ના રોજ રોજ રાજયના તમામ જિલ્લાઓમાં ૧૧.૦૦ થી ૧૩.૩૦ કલાકે યોજવામાં આવેલ હતી.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૧૫/૦૪/૨૦૨૫ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. અને આ પરીક્ષાના કોઇ પ્રશ્ન /પ્રોવિઝનલ આન્સર કી ના ઉત્તર સામે ઉમેદવાર રજુઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.૧૫/૦૪/૨૦૨૫ થી તા.૧૭/૦૪/૨૦૨૫ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઇ-મેઇલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સુચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઇ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજુઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઇનલ આન્સર કી કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૦૧/૦૫/૨૦૨૫ના રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-**CGMS**-૨૦૨૫નું પરિણામ જાહેર કરવામાં આવે છે.

❖ પરિણામની વિગતો

| Marks | Male | Female | Total |
|---|---|---|---|
| 0 To 39 | 119683 | 109447 | 229130 |
| 40 To 44 | 39339 | 45301 | 84640 |
| 45 To 49 | 25894 | 31927 | 57821 |
| 50 To 54 | 17011 | 21074 | 38085 |
| 55 To 59 | 11672 | 13963 | 25635 |
| 60 To 64 | 7783 | 9164 | 16947 |
| 65 To 69 | 5318 | 5968 | 11286 |
| 70 To 74 | 3675 | 3767 | 7442 |
| 75 To 79 | 2499 | 2500 | 4999 |
| 80 To 84 | 1578 | 1589 | 3167 |
| 85 To 89 | 985 | 895 | 1880 |
| 90 To 94 | 500 | 452 | 952 |
| 95 To 99 | 217 | 202 | 419 |
| 100 To 104 | 66 | 52 | 118 |
| 105 To 109 | 16 | 23 | 39 |
| 110 To 114 | 0 | 4 | 4 |
| 115 To 120 | 0 | 0 | 0 |
| Total | 236236 | 246328 | 482564 |

Scanned with ACE Scanner

- મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા – CGMS-૨૦૨૫માં બેસનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા **482564**
- આ પરિણામમાં કુલ 16 શાળાઓના 17 વિદ્યાર્થીઓ 90%(108 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 364 શાળાઓના 477 વિદ્યાર્થીઓ 80%(96 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે
- આ પરિણામમાં કુલ 2340 શાળાઓના 3941 વિદ્યાર્થીઓ 70%(84 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 6564 શાળાઓના 15676 વિદ્યાર્થીઓ 60%(72 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 13254.શાળાઓના 47253 વિદ્યાર્થીઓ 50%(60 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 20334શાળાઓના 131288 વિદ્યાર્થીઓ 40%(48 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.

નોંધઃ- હાલ કામચલાઉ પ્રથમ મેરીટ યાદીમાં અન્ય/જનરલ વિદ્યાર્થીઓ માટે 60 કરતા વધુ ગુણ મેળવનાર, SC કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 55 કરતા વધુ ગુણ મેળવનાર તેમજ ST કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 50 કરતા વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનો સમાવેશ કરવામાં આવેલ છે.

સંબંધિત કચેરી દ્વારા ટૂંક સમયમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ પરિણામની યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારશ્રીના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો/જોગવાઇ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આપવાના થતા લાભ અંગેની આગળની આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવશે અને ફાઇનલ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. આ મેરીટ યાદીમાં સમાવેશ થયેથી યોજનાનો લાભ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ.

"મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-CGMS-૨૦૨૫"નું https://schoolattendancegujarat.in/ પોર્ટલથી શાળા દ્વારા પરીણામ જાણી શકાશે.

સ્થળઃ-ગાંધીનગર.
તા.૦૧/૦૫/૨૦૨૫

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસામુંડા ભવન,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારી, તમામ.

Scanned with ACE Scanner